તા. ૦૫. ૧૦.૨૦૨૪

સંદેશ, પાના નં.૦૨

# આજથી નવરાત્રી પૂર્ણ થાય ત્યા સુધી મેટ્રો ટ્રેન રાત્રે બે વાગ્યા સુધી દોડશે

**અમદાવાદ ।** નવરાત્રિ દરમિયાન લોકો મોડી રાત સુધી ગરબા રમી ઘરે પરત ફરતા હોય છે ત્યારે ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન દ્વારા મોડી રાત્રે બે વાગ્યા સુધી મેટ્રો ટ્રેન દોડાવવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. થલતેજથી વસ્ત્રાલ અને મોટેરા સ્ટેડિયમથી APMC એમ પૂર્વ અને પશ્ચિમ તેમજ ઉત્તર અને દક્ષિણ કોરિડોરમાં સવારે ૬:૦૦ વાગ્યાથી રાત્રે ૨ વાગ્યા સુધી મેટ્રો ટ્રેન દોડાવવામાં આવશે. જે છેલ્લા સ્ટેશનો હશે ત્યાંથી છેલ્લી ટ્રેન રાત્રે ૨:૦૦ વાગે ઉપડશે. દરેક સ્ટેશન પરથી દર ૨૦ મિનિટે મેટ્રો ટ્રેન મળી રહેશે.